# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-02-2026** **Evening : 6.00 TO 6.10 PM**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) ગરીબો, વંચિતો અને લાભ ઉપેક્ષિતો પર ધ્યાન કેન્દ્રિત કરવાના સરકારના 'સંકલ્પ'ને સાકાર કરતું અંદાજપત્ર કેન્દ્રીય નાણામંત્રીએ રજૂ કર્યું..પ્રધાનમંત્રીએ બજેટને સર્વાંગી વિકાસ વાળુ ગણાવ્યું
2) નવો આવકવેરા અધિનિયમ, 2026 એપ્રિલ 2026 થી અમલી
3) દાનકુનીથી સુરતના નવો રેલવે કોરિડોર ', લોથલ અને ધોળાવીરાને ' વાઇબ્રન્ટ એક્સપિરિયન્સીયલ કલ્ચરલ સેન્ટર તરીકે વિકસાવવાની અને જામનગરના પરંપરાગત ચિકિત્સા કેન્દ્રને અપગ્રેડ કરવાની રાજ્ય માટેની બજેટમાં જાહેરાતો
4) મુખ્યમંત્રીએ બજેટને 'ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ ' તથા દિવ્યાંગજનના પાયાને મજબૂત કરનારુ લેખાવ્યું..ઉદ્યોગજગતે અંદાજપત્રને આવકાર્યું
5) બોટાદ પાસે થયેલા કાર અને ટ્રકના અકસ્માતમાં ચારના મોત

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# BUDGET OVERALL-1

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે સંસદમાં રજૂ કરેલા કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭માં દેશના અર્થતંત્રને નવી ઊંચાઈએ લઈ જવા માટે અનેક ક્રાંતિકારી જાહેરાતો કરી છે.

બજેટની ક્ષેત્રવાર મુખ્ય જાહેરાતોની વાત કરીએ તો,

કૃષિ અને ગ્રામીણ વિકાસ ક્ષેત્રમાં ખેડૂતોની આવક વધારવા નાળિયેર, ચંદન, કોકો અને કાજુ જેવા ઉચ્ચ મૂલ્ય ધરાવતા પાકોના વાવેતરને પ્રોત્સાહન આપવામાં આવશે.નાણામંત્રીએ જાહેરાત કરી કે આગામી પાંચ વર્ષમાં ભારતને બાયોફાર્મા ઉત્પાદનનું વૈશ્વિક કેન્દ્ર બનાવવા માટે 10 હજાર કરોડ રૂપિયાના ખર્ચસાથે 'બાયોફાર્મા શક્તિ' યોજના શરૂ કરાશે.

શિક્ષણ અને રોજગાર ક્ષેત્રમાં ઔદ્યોગિક કોરિડોર પાસે પાંચ યુનિવર્સિટી ટાઉનશિપ વિકસાવવામાં આવશે.દરેક જિલ્લામાં એક કન્યા છાત્રાલય બનાવવાની બજેટમાં જાહેરાત કરાઇ છે.

નાણાંમંત્રીએ કહ્યું કે , દેશના વિદ્યાર્થીઓને ભારતમાં જ ઉચ્ચ કક્ષાનું ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા સરકાર પ્રયત્નશીલ છે.

(બાઈટ – નિર્મલા સિતારમણ)

કાપડ ઉદ્યોગ અને ગ્રામીણ કલાકારો માટે નાણામંત્રીએ 'મહાત્મા ગાંધી ગ્રામ સ્વરાજ' પહેલની જાહેરાત કરી છે , જે ખાદી, હાથસાળ અને હસ્તકળાને મજબૂત બનાવશે.....1

# BUDGET OVERALL-2

આરોગ્ય અને સુખાકારી માટે દેશમાં માનસિક સ્વાસ્થ્ય સેવાઓને મજબૂત બનાવવા. આગામી પાંચ વર્ષમાં એક લાખ જેટલા એલાઈડ હેલ્થ પ્રોફેશનલ્સની નિમણૂક કરવામાં આવશે.આર્યુવેદિક સેવાઓ માટે દેશમાં ત્રણ નવી અખિલ ભારતીય આર્યુવેદ સંસ્થા સ્થપાશે.

ઉદ્યોગ અને MSME ક્ષેત્રના નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે 10 હજાર કરોડ રૂપિયાના SME ગ્રોથ ફંડની જાહેરાત કરાઈ છે.

સહકારી ક્ષેત્ર માટે દૂધ, તેલીબિયાં, ફળો અથવા શાકભાજીનો પુરવઠો આપતી પ્રાથમિક સહકારી મંડળીઓને ઉપલબ્ધ કર મુક્તિ હવે તેમના સભ્યો દ્વારા ઉત્પાદિત પશુ આહાર અને કપાસના બીજના પુરવઠા સુધી વિસ્તૃત કરાશે. રાષ્ટ્રીય સહકારી સંઘ દ્વારા કંપનીઓમાં કરેલા રોકાણો પર પ્રાપ્ત લાંભાશની આવક માટે, સભ્ય સહકારી સંસ્થાઓને વધુ વિતરિત કરવામાં આવતા લાભાંશ માટે ત્રણ વર્ષની મુક્તિ આપવામાં આવશે.

પરિવહન અને ઉર્જા ક્ષેત્રે દેશના મુખ્ય શહેરો વચ્ચે ૭ હાઇ-સ્પીડ રેલ કોરિડોર વિકસાવવામાં આવશે,

મત્સ્ય ઉદ્યોગ માટે પાંચસો જેટલા સરોવર અને અમૃત સરોવરના એકીકરણની યોજનાની જાહેરાત કરવામાં આવી છે.પશુપાલન માટે લોન આધારિત સબસિડી અમલમાં મૂકાશે.

. . . . . . . . . . . . .

# BUDGET TAX

કેન્દ્રીય બજેટ 2026-2027માં પ્રત્યક્ષ વેરાઓમાં અનેક સુધારા કરાયા છે.નવી આવકવેરા અધિનિયમ 2025 એપ્રિલ 2026થી લાગુ થશે. નવા કાયદામાં ટેકનિકલ ભૂલો માટે દંડને દંડથી બદલવાનો પ્રસ્તાવ છે. આવકવેરા રિટર્ન (ITR) ભરવા માટેના ફોર્મને સરળ બનાવવામાં આવશે જેથી સામાન્ય કરદાતા પણ સરળતાથી રિટર્ન ફાઈલ કરી શકે.

કરદાતાઓ 31 જુલાઈ સુધી પોતાનું રિટર્ન ફાઈલ કરી શકશે.બજેટમાં વિદેશી મુસાફરી કાર્યક્રમ પેકેજોના વેચાણ પરની ડ્યુટી કોઈપણ રકમ નક્કી કર્યા વિના હાલના 5 ટકા અને 20 ટકાથી ઘટાડીને 2 ટકા કરવાની જાહેરાત કરવામાં આવી છે.

નાણાંમંત્રીએ જણાવ્યું કે , કસ્ટમ્સ અને કેન્દ્રીય આબકારી જકાત માટેની દરખાસ્તોનો ઉદ્દેશ્ય ટેરિફ માળખાને વધુ સરળ બનાવવાનો , સ્થાનિક ઉત્પાદનને ટેકો આપવાનો, નિકાસ સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન આપવાનો અને ડ્યૂટીમાં સુધારો કરવાનો છે.

. . . . . . . . . . . . .

# BUDGET MAIN STORY – STATISTICS

આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે કુલ ખર્ચ ૫૩ લાખ ૪૭ હજાર ૩૧૫ કરોડ રૂપિયા હોવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. દેશના માળખાગત વિકાસને વેગ આપવા માટે સરકારે મૂડી ખર્ચમાં મોટો વધારો કર્યો છે , જે હવે વધીને ૧૨.૨૧ કરોડ રૂપિયા પર પહોંચ્યો છે.

કર અને કર સિવાયની આવક મળીને કુલ મહેસૂલી આવક અંદાજે ૩૫.૩૩ કરોડ રૂપિયા અંદાજવામાં આવી છે. કેન્દ્રની ચોખ્ખી કરવેરા આવકમાં વધારો જોવા મળી છે, જે હવે આશરે ૨૮.૬૬ કરોડ રૂપિયા થવાનો અંદાજ છે. રાજકોષીય શિસ્ત જાળવી રાખતા ,સરકારે રાજકોષીય ખાધને જીડીપીના ૪.૩ ટકા સુધી મર્યાદિત રાખવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે.

. . . . . . . . . . . . .

# GUJ BUDGET

કેન્દ્રીય બજેટ 2026-27 માં નાણામંત્રીએ ગુજરાત માટે પણ મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે.. ઇન્ફ્રાસ્ટ્રક્ચર , ટુરિઝમ અને સ્વાસ્થ્ય ક્ષેત્રે ગુજરાતને કેન્દ્રમાં રાખીને આ જાહેરાતો કરવામાં આવી છે.

પ્રસ્તુત છે એક અહેવાલ..

(વોઈસ કાસ્ટ – હેમાંગિની સોનારા)

(કેન્દ્રીય બજેટમાં ગુજરાતની મહત્વપૂર્ણ જાહેરાતોમાં પૂર્વ અને પશ્ચિમ ભારતને જોડતા નવા કોરિડોરની છે. નાણામંત્રીએ પશ્ચિમ બંગાળના દાનકુનીથી ગુજરાતના સુરત સુધી એક નવો 'ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર' સ્થાપવાની દરખાસ્ત મૂકી છે , જે રાજ્યના ઉદ્યોગો અને વેપાર માટે ગેમ ચેન્જર સાબિત થશે. આ કોરિડોર માલગાડીઓનું વહન કરશે.. પ્રસ્તાવિત કોરિડોરને કારણે સુરતના ટેક્સટાઇલ્સ ઉદ્યોગોને મોટો ફાયદો થશે આ ઉપરાંત કચ્છના હડપ્પીયન સાઈટ લોથલ અને ધોળાવીરાને 'વાઇબ્રન્ટ એક્સપિરિયન્સીયલ કલ્ચરલ સેન્ટર' તરીકે વિકસાવવામાં આવશે.જામનગર સ્થિત પરંપરાગત ચિકિત્સા કેન્દ્રને અપગ્રેડ કરીને વધુ સુવિધાસભર બનાવવામાં આવશે.

આકાશવાણી સમાચાર અમદાવાદ)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

……………………………….

# PM BUDGET REATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બજેટને આવકારતાં કહ્યું હતું કે બજેટમાં ડેટા માટેનું વૈશ્વિક હબ બનાવવા ટેક્ષમાં મોટી રાહત આપવામાં આવી છે.

(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)

. . . . . . . . . . . . .

# CM REACTION

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય બજેટને ગ્યાન એટલે કે ‘ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ ’ તથા દિવ્યાંગજનના પાયાને મજબૂત કરનારુ ગણાવ્યુ હતું.

(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી ગુજરાત)

. . . . . . . . . . . . . .

# REACTION – AAP, COGRESS

આજે જાહેર થયેલા થયેલા બજેટને આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ઇસુદાન ગઢવીએ વખોડ્યું હતું.

(બાઇટ - ઇસુદાન ગઢવી, આપ નેતા)

કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા ડોક્ટર મનિષ દોશીએ આ બજેટને નિરસ ગણાવ્યું હતું.

(બાઇટ- ડો. મનિષ દોશી, મુખ્ય પ્રવક્તા કોંગ્રેસ)

. . . . . . . . . . . . .

# BUDGET REACTION

રાજકોટ ચેમ્બર ઑફ કોમર્સના પ્રમુખ વી. પી. વૈષ્ણવ એ બજેટને આવકારતાં જણાવ્યું હતું કે વિકાસલક્ષી અંદાજપત્રને કારણે ઉદ્યોગોને લાભ થશે.

(બાઇટ – વી. પી. વૈષ્ણવ, પ્રમુખ, રાજકોટ, ચેમ્બર ઓફ કોમર્સ)

બજેટને આવકારતાં દક્ષિણ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નિખિલ મદ્રાસીએ કહ્યું હતું કે તમામ ક્ષેત્રોની આ બજેટમાં કાળજી રાખવામાં આવી છે.

(બાઇટ- નિખિલ મદ્રાસી, પ્રમુખ , દક્ષિણ ગુજ. ચેમ્બર ઓફ પ્રમુખ)

અરવલ્લીના બિલ્ડર એસોસિશેનના પ્રમુખ કમલેશ પટેલે આ બજેટને ગુજરાતનો અને દેશનો વિકાસ કરનારુ ગણાવ્યું હતું.

(બાઇટ- કમલેશ પટેલ)

. . . . . . . . . . . . .

# BOTAD – ACCIDENT

બોટાદમાં રાણપુર-ધંધુકા હાઈવે પર ટ્રક અને કાર વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં 4ના મોત અને 7 વ્યક્તિ  ઇજાગ્રસ્ત થયા છે. મૃતકોમાં એક મહિલા અને કાર ચાલક ડ્રાઈવરનો પણ સમાવેશ થાય છે. અકસ્માતની ઘટનાને લઈને રાણપુર મામલતદાર, પોલીસ કાફલો અને 108 ની ટીમ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત લોકોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . .

# JUNAGADH - AROHAN AVROHAN

જૂનાગઢમાં આજે 18મી રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ સ્પર્ધા યોજાઇ. જેમાં
12 રાજ્યના 500થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો . અંબાજી શિખર સુધીના 5 હજાર 500 પગથિયાની સ્પર્ધામાં સિનિયર ભાઇઓની શ્રેણીમાં રાજયના અનિલ વસાવાએ 58 મિનિટ અને 16 સેકન્ડમાં સ્પર્ધા પૂર્ણ કરીને વિજેતા બન્યા હતા.

જ્યારે જુનિયર વિભાગમાં વડોદરાના દીવાકર રાજ બિહારીએ પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું. બહેનો માટેની સ્પર્ધામાં ઉત્તર પ્રદેશની તામસી સીંગે 32 મિનિટ અને 14 સેકન્ડમાં સ્પર્ધા પૂર્ણ કરીને પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

. . . . . . . . . . . . .